KUMAR PRINTERY, AHMEDABAD

# BHARAT KALA MANDAL

Holds at Premabhai Hall

an **EXHIBITION** of

HIMALAYAN PICTURES

by

Prof. Nicholas Roerich

when

Dr. James H. Cousins

will deliver three lectures on the following subjects: on the 30th Sept. and 1st & 2nd October.

(1) Nicholas Roerich & his art with some reference to Svetoslav Roerich. (at 5-30 P. M. on 30-9-39)

(2) Art: National & International (at 6 P.M. on 1-10-39)

(3) The urgent necessity of Art in Education. (at 6 P. M. on 2-10-39)

For information regarding admission, please turn over

# ADMISSION

Admission to the exhibition and lectures will be allowed free to the members of Bharat Kala Mandal and persons with special invitations. Others can purchase entry coupons from the office of the Mandal (at Kumar Karyalaya, 1454, Raipur, Ahmedabad) 2 days in advance at the following rates:

| | |
|---|---|
| A season set of four Coupons for three lectures and an exhibition show | Rs. 0–4–0 |
| Single ticket for only one visit | Rs. 0–2–0 |
| Tea & talk with Dr. Cousins (time and place to be announced at the Hall) | Rs. 0–8–0 |
| Membership for the Mandal for one year | Rs. 1–0–0 |
| Life membership | Rs. 15-0-0 |
| Life membership for Husband & wife combined | Rs. 25-0-0 |

MAHARSHI Artist Prof. Nicholas Roerich is a top genius of the modern world of art. He is a great scholar–traveller and an archæologist. In the time of the Czar he was at the head of the Govt. Art college, where 3200 students attended. He was the president of the World-Art-Congress convened by Maxim Gorki. America welcomed his paintings and invited him as a citizen of New York, where, 'The Roerich Museum' a great art–centre, is created in his name. His search for cosmic beauty attracted him to the Himalayas and since last 16 years he has made his home in Kulu valley (Punjab) at Naggar. He has travelled over about 10,000 miles in the Himalayas and has made more than 400 luminous pictures of those unapproachable sites. He is the only artist of the world who has brought such pictures for the first time to the world. These pictures are visions of beauty & sublimity. They have a dynamic influence on the mind. His belief is that Art and the beautiful constitute the highest aspects of life and morality.



NOMAD PRINTERY, AHMEDABAD

# BHARAT KALA MANDAL

Holds at Premabhai Hall

an **EXHIBITION** of

HIMALAYAN PICTURES

by

Prof. Nicholas Roerich

when

Dr. James H. Cousins

will deliver three lectures on the following subjects: on the 30th Sept. and 1st & 2nd October.

(1) Nicholas Roerich & his art with some reference to Svetoslav Roerich. (at 5–30 P. M. on 30–9–39)

(2) Art: National & International (at 6 P.M. on 1-10-39)

(3) The urgent necessity of Art in Education. (at 6 P. M. on 2–10–39)

For information regarding admission, please turn over

# ADMISSION

Admission to the exhibition and lectures will be allowed free to the members of Bharat Kala Mandal and persons with special invitations. Others can purchase entry coupons from the office of the Mandal (at Kumar Karyalaya, 1454, Raipur, Ahmedabad) 2 days in advance at the following rates:

| | |
|---|---|
| A season set of four Coupons for three lectures and an exhibition show | Rs. 0–4–0 |
| Single ticket for only one visit | Rs. 0–2–0 |
| Tea & talk with Dr. Cousins (time and place to be announced at the Hall) | Rs. 0–8–0 |
| Membership for the Mandal for one year | Rs. 1–0–0 |
| Life membership | Rs. 15-0-0 |
| Life membership for Husband & wife combined | Rs. 25-0-0 |

MAHARSHI Artist Prof. Nicholas Roerich is a top genius of the modern world of art. He is a great scholar–traveller and an archæologist. In the time of the Czar he was at the head of the Govt. Art college, where 3200 students attended. He was the president of the World-Art-Congress convened by Maxim Gorki. America welcomed his paintings and invited him as a citizen of New York, where, 'The Roerich Museum' a great art–centre, is created in his name. His search for cosmic beauty attracted him to the Himalayas and since last 16 years he has made his home in Kulu valley (Punjab) at Naggar. He has travelled over about 10,000 miles in the Himalayas and has made more than 400 luminous pictures of those unapproachable sites. He is the only artist of the world who has brought such pictures for the first time to the world. These pictures are visions of beauty & sublimity. They have a dynamic influence on the mind. His belief is that Art and the beautiful constitute the highest aspects of life and morality.



# THE ART OF MAHARSHI ROERICH

## AN INTRODUCTION

By Dr. J. H. Cousins

Art Adviser to the Govt. of Travancore

# હિમાલયન કલાકાર મહર્ષિ નિકોલસ રોરીક

પરિચયકાર · રવિશંકર રાવળ

ચેરમૅન · ભારત કલા મંડળ અમદાવાદ





**પ્રો. નિકોલસ રોરીક** (તેમના પુત્ર સ્વેતોસ્લાવ રોરીકે કરેલું ચિત્ર)

# HIMALAYAN ART

## A note on the ROERICH collection in the
## Ahmedabad Exhibition 1939

By Dr. James H. Cousins

Art Adviser to the Government of Travancore

FROM ages beyond the record of history, the Himalayas have exercised a fascination over the imagination of humanity. Their remote recesses have been the haunts of aspirants for spiritual experience. They have arisen to the heaven of perfection in the minds of poets. Their legends have been depicted in sculpture and painting. Explorers have tried to win from them their scientific secrets. Tens of thousands of devotees have made pilgrimages to the holy Hills. Men of war have traversed them and felt their charm.

But it has remained for a painter born outside India, yet in a deep sense a true son of the ancient Vedic spirit of India, to delineate the Himalayas with an impressiveness and a beauty that no other artist has achieved.

To those who visit the Ahmedabad Exhibition of 1939, and see the collection of paintings by Nicholas Roerich, no long-drawn argument will be needed to aid them in realizing that the Roerich exhibit is an artistic, and more than artistic, event of the highest importance. They will have fallen under the spell of majesty, purity and penetrating beauty, of solitude

that is never lonely, of forms that are the visible words of some divine speech, of colours that are the transparent veils through which shines the perfect light of a world of spirit.

Those who have had this experience will have little difficulty in distinguishing between plain paintings of the Himalayas, which delineate the surface appearance of 'the Hills,' and paintings such as those of Roerich into which the very life of the snow-ranges seems to have entered. The first may be art, admirable and attractive: the second is not simply art, but Himalayan art. This denotes something more than technical ability (supreme as this is in the paintings of Nicholas Roerich) to reproduce or represent what the eye sees: it denotes a realized affinity between the life of the artist and the life of nature and its human participants, and particulary an affinity with the austerity, even the hardships of Himalayan life, and a response to the injunction to ascend which is perpetually on the lips of the Hills.

For, let it be said that Nicholas Roerich is no arm-chair or camp-stool artist who knows only the enchantmeat that distance lends to the view. He knows the far deeper enchantment of nearness to the outer expression of the universal life. From his earliest days exploration has been a passion with him. As a boy in Russia (where he was born in 1874 of high Scandinavian ancestry with ancient Mongolian inter-mixture) he recovered the long-lost excellence of the art of the stone age. When his desire to know at first hand the India of the Himalayan sages, whose ideas and disciplines he had studied and applied, was fulfilled in 1923, when he and his family came to live in India, he headed expeditions through the Himalayas in search of knowledge for the alleviation of human ills, and in the midst of rigours that might well have daunted the boldest spirits, he made priceless pictorial records of nature and humanity as it discloses itself at lofty altitudes and over vast spaces ... And he to whom the world did honour in 1937 on his art-jubilee, he to whom the company of the eminent of all lands and all worthy activities is open, has chosen to make his home for the past sixteen years in the remoteness, and save for the company of his wife and two sons, and occasional visitors, comparative solitude of the Hills.

In these regions, for five years beyond Darjeeling, and for eleven years at Naggar in the Kulu Valley, the matured genius of Nicholas Roerich has nourished itself on the spiritual, aesthetical and intellectual affinities of his own exalted soul, which have more room and clearer atmosphere for growth there than in crowded cities and among the duties and dissipations of ordinary life.

Happily for those who, in their own degree of desire to experience the upper airs of life, are yet compelled by destiny to spend their days and nights in the midst of multitude and distraction, this dedicated artist and humanitarian has given to the world his transcripts of the splendours of form and colour, and his visual interpretations of the inner life, of the Himalayas, in paintings that are the nearest thing to reality that the genius of humanity has created. To see a Roerich exhibition is not merely to have aesthetic pleasure; it is to have a spiritual experience in the response of one's higher nature to the appeal of a Rishi-Artist. It is, more-

over, to catch a glimpse of a new life of understanding and joy in the real life of the universe beyond present obscuration by sensual and selfish desires. For, as has been said in the latest monumental volume on the painter and his work ("Roerich," by Barnett D. Conlan, published by the Roerich Museum, Riga), "There are reasons for believing that we are moving towards a fresh synthesis, a new mythology, in which other values will go to build up the spiritual architecture of the future. It is this which Roerich, in many ways in advance of his time, already senses . . . . . . Because Roerich recognizes Beauty as the goal of all our activities, and Infinity as the path that leads from the prison of narrow prejudice towards the freedom of the ever-living, he is one of the very greatest spirits of our time." This evaluation is made from the voluminous writings of the painter in poetry and prose. But the essence of it enters into his painting and subtly influences his choice of subject and his manner of work—in the latter of which, it may be added, he is at one with the mural painters of India in his choice of tempera as the medium of his painting for many years past.

And, sharing the qualities and capacities of the father, which have won him everlasting renown, is the art of the son, Svetoslav, who, at the age of thirtyfour, has been received into the circle of the immortals of art in the acquisition of one of his remarkable portraits of his venerable father by the Louxembourg gallery in Paris in June (1939). A study of the fascinating paintings by Roerich the Younger, which are happily included in the Ahmedabad Exhibition, will show that while the son is, like the father, deeply interested in Himalayan life, his method of depiction and interpretation is his own, with classical seriousness as its nearest kin. He has no leaning towards cults and aberrations in painting. Yet, while following the tradition of truth to appearance, he maintains the principle that a painting should not be confined to the surfaces of things, but should indicate something of their inner life, and should never renounce the responsibility of being, not a reflection of a seen area or object but an entity possessing its individual life, unity, balance, rhythm and texture.

Lastly, the opinion may be expressed that an exhibition of paintings by the Roerichs should exercise a most beneficial influence on the young painters of India in presenting them with masterly works that, though very different from the traditional technique of Indian art, are in close affinity with the Indian outlook on life, and have nature in India as their scenic background. Attempts to copy such works would be futile. But communion with their spirit is bound to generate a worthy pride in the outer and inner India, and to help in the development of a sensitiveness to beauty and a nobler ideal of art that will stimulate the best efforts of the rising generation of Indian artists.



6

# નિકોલસ રેરિક અને એમની કલા

રશિયાની મહાન વિભૂતિ નિકોલસ રેરીક બ્રહ્માંડવ્યાપી ભાવો ને કલ્પનાઓને ઝીલનાર એક પયગંબર આત્મા છે. આજે તે હિમાલયમાં નિવાસ કરી જગતના ઉચ્ચ ગિરિશૃંગો પરથી માનવજીવનની પરમ સફળતાનો સંદેશ, ચિત્રો વાણી અને કર્તવ્ય દ્વારા પ્રકટ કરી રહ્યા છે. સૌંદર્ય અને સત્યનો ધ્વજ ફરકાવી તે જગતના લોકોને એકતાને પંથે દોરી રહ્યા છે. પ્રેમ, સૌંદર્ય અને પુરુષાર્થનો મંત્ર પ્રચારી માનવજીવન માટે નવી આધ્યાત્મિક સૃષ્ટિનું સર્જન તેમણે આદર્યું છે.

જગતશાંતિ માટે તેમના સંદેશ પ્રચારવાને વીસેક મુલકોમાં તેમના નામની સંસ્થાઓ ચાલે છે. ચિત્રકાર તરીકે ઇતિહાસમાં તે અનેરું સ્થાન ધરાવે છે ને તેમનાં પોતાનાં પ્રાસાદિક વચનો સાર્થ કરતી તેમની કલાકૃતિઓએ અપાર સૌંદર્ય અને દૈવી પ્રકાશનો પરિચય આપ્યો છે. વ્યાખ્યાનો, અન્વેષણો, ચિત્રો અને બીજી અનેક ક્ષેત્રવ્યાપી પોતાની પ્રવૃત્તિઓમાં પ્રભુત્વવાળા વ્યક્તિત્વથી તેમણે માનવબંધુત્વના પ્રચારને અતીવ વેગ આપ્યો છે. એ માને છે કે 'કળા મારફત જ જનતા એકતા પ્રાપ્ત કરશે. અનેક શાખાઓમાં પ્રકટતી છતાં કલા એક અખંડ તત્ત્વ છે. ભાવના સમન્વયની નિશાનીઓ કળામાં છે. કળા સર્વ માનવ કાજે છે.'

ઈ. ૧૮૭૪ના સપ્ટેમ્બરની ૨૭મીએ લેનિનગ્રાડમાં તેમનો જન્મ થયો હતો. તેમના પિતા મૂળ સ્કૅન્ડિનેવિયન જાતિમાંથી રશિયામાં આવી વસેલા એક પ્રસિદ્ધ ઍટર્ની (વકીલ) હતા. તેમની માતાના વંશનાં મૂળ છેક દસમા સૈકાની સ્કાવ (Pscav) જાતિ સુધી નીકળે છે. એટલે રેરિકમાં વાઇકિંગ અને રશિયાનું અસલ લોહી મળેલું છે. બાળક રેરીકે નાનપણનો વખત ઇશ્વારા ખાતેની કુટુંબની જાગીર પર ગ્રામ્ય રખડપટ્ટીઓમાં ગાળ્યો હતો. તે વખતે એ જાગીરની આસપાસ જામેલા ટેકરાઓથી તેની પ્રાચીનપ્રિયતા જાગૃત થઇ હતી અને પાષાણ યુગની ઘણી જૂની કબરો પણ એણે ત્યાંથી શોધી કાઢી હતી.

રેરીકના પિતા તેને પોતાના જેવા ધારાશાસ્ત્રી બનાવવા ઇચ્છતા હતા!; પણ આ કુમારે સૌંદર્યનાં દ્વારમાંથી તેનાં દર્શન કરી લીધાં હતાં અને તેના નવસર્જન માટે તેનો આત્મા ઉત્સુક થઇ રહ્યો હતો. છતાં તે વખતથી જ તેનામાં અતિ વિરોધી સંજોગોનો સમન્વય કરી લેવાની શક્તિ આવી ગઇ હતી. પિતાની ઇચ્છાને માન આપી તે વિદ્યાલયમાં ને મહાવિદ્યાલયમાં તો ગયો, પણ સાથેસાથે કળાશાળામાં પણ અભ્યાસ ચાલુ રાખ્યો ને બંને સંસ્થાઓમાં માનભેર ઉત્તીર્ણ થયો.

ઊછરતી વયમાંથી જ રેરીકને વિચિત્ર વિષયો પર લખવાનો મહાવરો હતો. તેમાં પણ તેની પોતાની જ અનોખી રીત અને મૌલિક ઢબ હતી જ. વીરકાવ્યો, પરીકથાઓ, કાવ્યો, વિચિત્ર વાતો, શિકાર, કુદરત, દરેક પર તે લખતો. પણ તે સર્વમાં એક જ આશય પ્રધાન રહેતો; સૌંદર્ય અને તેની જીવન પર અસર. મહાવિદ્યાલયમાં તેને કિંવજી નામના અધ્યાપકનો સમાગમ થયો. એ પુરુષ રશિયાનો મહાન કળાપ્રચારક હતો. તેણે રેરીકની પ્રતિભાને સૌથી પહેલી પિછાની. ઇ. ૧૮૯૬માં રેરીકે પોતાનું 'The Messenger' (સંદેશવાહક)નું ચિત્ર પ્રદર્શનમાં રજૂ કર્યું ત્યારે એ પ્રતિભા સર્વકોઇને સ્વીકારવી પડી. તરત એ ચિત્ર ટ્રેટ્યાકૉફના ચિત્રાલય માટે ખરીદી લેવામાં આવ્યું. કોઇપણ યુવાન ચિત્રકાર માટે રશિયા વધુમાં વધુ કરી શકે એવું એ સન્માન હતું. તે પ્રસંગ પછી રેરીકની કળાશક્તિ અને સામર્થ્ય વધતાં જ ચાલ્યાં ને દુનિયાના બધા ભાગોમાં તેનાં તેજ વિસ્તર્યાં.

ઈ.સ. ૧૯૦૦માં રેરીકે અભ્યાસ માટે પારીસ વગેરે દેશપરદેશનો પ્રવાસ કર્યો અને તેને પરિણામે પોતાના અગાધ અખૂટ વસ્તુભંડારમાંથી કળાસર્જન કરવાને પોતાની સર્વ શક્તિઓને એકાગ્ર કરી.

રશિયા પાછા આવતાં વેંત તેમને ત્યાંના કળા ઉત્તેજક સમાજના મંત્રી તથા કળાશાળાના મુખ્ય નિયામક તરીકેની જગ્યા મળી. આ સંસ્થાના પેટ્રન ઝાર નિકોલસ બીજાની સાથે કળા વિષે તેને અનેક વાર લાંબા વાર્તાલાપો થતા. જોકે તે પોતે તો આ રાજકૃપાને આફત માનતા અને બને તેટલા દૂર રહેવા યત્ન કરતા. આ સ્થાને તેમની સંગઠન કરવાની શક્તિઓ કામે લાગી અને તેમની સંસ્થા આખા રશિયાની કેળવણીમાં એક જબરદસ્ત સંચાલક તત્ત્વ થઈ પડી. એક મહાન સર્જકની જેમ તેમણે કેટકેટલી દિશામાં કામ કરવા માંડ્યું. સ્થપતિ તરીકે, લેખક તરીકે, કેળવણીકાર તરીકે અને મીર ઇસ્કુસ્ત્વો (Mir Iskurstva)ના પ્રમુખ તરીકે તેમણે અજબ ઉકલત અને કાર્યશક્તિની પ્રતીતિ કરાવી. તેમનાં ચિત્રો યુરોપનાં પ્રદર્શનોમાં રજૂ થવા લાગ્યાં અને એક નવીન ઉસ્તાદ તરીકે તેમનો સ્વીકાર થવા લાગ્યો.

ઇ.સ. ૧૯૦૭થી ૧૯૧૪ સુધીના કાળમાં તેમણે મૉસ્કો આર્ટ થીએટરની સુધારણામાં ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો હતો. ઇ.સ. ૧૯૧૦માં આખા યુરોપમાં ‘વર્લ્ડ ઑફ આર્ટ’ નામે સુપ્રસિદ્ધ થએલી સંસ્થાના તે પહેલા પ્રમુખ થયા અને ૧૯૧૫માં તેમના કલાજીવનની ૨૫મી સાલગ્રેહ ઊજવાઈ. ૧૯૧૬માં રશિયામાં રાજ્યક્રાન્તિ થઈ તે વખતે તેમની શાળામાં સિપાઇઓ પડાવ નાખતા, પણ તેમને કશી હેરાનગત કરી નહોતી. એ વખતે આવેલા નવા વિદ્યાર્થીઓ તેમની સામે થશે એવી પણ ઘણાને બીક હતી, છતાં રેરીક તેમની વચ્ચે નીડરપણે ગયા, અને આવકારના નાદો વચ્ચે પહેલી સભા પૂરી કરી.

ઈ. સ. ૧૯૧૭માં મૅક્સિમ ગૉર્કીએ એક કલાપરિષદ્ બોલાવી. તેના પ્રમુખ રેરીક થયા. એ વર્ષે મે માસમાં ફિન્લૅંડ ખાતે કુટુંબ સાથે આરામ લેવા પોતાના પદથી તે છૂટા થયા. તે પછી તેમણે યુરોપમાં પ્રવાસ કર્યો. તે વખતે વ્યાખ્યાનો દ્વારા કળામાં કયા આદર્શો માટે પોતાનું જીવન તલસી રહ્યું છે અને કયા આદર્શો પાછળ પોતે મચી રહ્યા છે તે સ્વમુખે લોકોને સમજાવતા. ત્યારથી આજ સુધીમાં તેમણે જગતના સાંસ્કૃતિક વિષયોમાં બહુ જબ્બર અન્વેષણો ને વિવેચનો કર્યાં છે ને લગભગ પાંચ હજાર જેટલાં ચિત્રો કર્યાં છે. દેશદેશના માનવો ઉચ્ચ પ્રકારના સંબંધોથી જોડાઇને સૌંદર્યનાં દર્શને ભ્રાતૃભાવ પામે એ તેમની સતત ઝંખના રહી છે.

૧૯૨૦માં લંડનમાં તેમને શિકાગો આર્ટ ઇન્સ્ટીટ્યૂટ તરફથી તેમનાં ચિત્રો અમેરિકામાં પ્રદર્શિત કરવાનું નિમંત્રણ મળ્યું. એ વખતે તેમણે પૂર્વના પ્રદેશોમાં ઘૂમવાની યોજના કરી હતી. પણ તે છોડી દઇને તે અમેરિકા ગયા. એ વખતે અમેરિકા સાથેનો તેમનો વ્યવહાર તો કંઈ પચીસ વર્ષ પહેલાં બંધાઇ ચૂક્યો હતો. અમેરિકાના કળાજગત સાથે એમણે પોતે જ પ્રથમ નાતો બાંધ્યો હતો. યુરોપ આખું અમેરિકાને કળામાં સાવ નવતર નિશાળ માનતું હતું તે વખતે રેરીકે અમેરિકાની નવી કળાકૃતિઓનું પ્રદર્શન રશિયામાં ભરીને તે અભિપ્રાય બદલવાની યુરોપને ફરજ પાડી હતી. એટલે અમેરિકાએ તેમને એક જૂના સંબંધીજન તરીકે આવકાર આપ્યો. ન્યૂયૉર્કમાં રેરીકની કળાનું પ્રદર્શન થયું. તે દિવસથી હજારો માનવીઓ તેના ભક્ત બનવા લાગ્યા. એનું કારણ એ ચિત્રોનું બૌદ્ધિક તેમજ દાર્શનિક સૌંદર્ય જ માત્ર નહોતું; ભવ્યતા, પ્રકાશમયતા, અને કૌશલ્યની ખૂબીઓ સાથે તેમાં એક એવો દૈવી સંકેત અને સાદાઇ હતાં કે જેને લઇને દરેક અમર કૃતિ માનવહૃદય પર જે અધિકાર કરી જાય છે તેવો અધિકાર એ કૃતિઓએ જમાવ્યો. દ્રવ્યપિપાસુ અમેરિકા તેની આગળ ભાવભીનું બની ગયું અને કિંગોર ચિત્રાલય આગળ અશ્રુતપૂર્વ મેદની જમાવી દીધી. દોસ્તોયવસ્કીએ એમને વિષે કહેલું કે ‘સૌંદર્ય જ સંસારનું ઉદ્ધારક બનશે અને આ પુરુષ જગત-

ની જૂની યજ્ઞવેદીઓ પ્રજ્વાલશે.' અને ખરેખર, જ્યારે અમેરિકા આખામાં તેમની કલાકૃતિઓનો પ્રવાસ થયો ત્યારે એ દેશે પોતાના ઇતિહાસની ઉષા નિરખી. આટલાંટિસનાં સુવર્ણસ્વપ્નો, વન્ય જાતિઓના નાચો ને ગીતો તથા ઉત્તરના વાઇકિંગરાજની સવારીની સ્મૃતિઓ એ પ્રજા આગળ ખડી થઇ. ભૂતકાળની કથાઓ જ્વલંત રૂપમાં પ્રગટી ઊઠી. ચિત્રકારોને નવાં વસ્તુસૂચનો મળ્યાં.

આ નવજાગૃતિનું સ્વરૂપ રોરીકે બરાબર સમજી લીધું અને સૌંદર્યના ચેતનવંતા કણો માટે ભૂમિ તૈયાર કરવા માંડી. જે સ્વપ્નો અને આદર્શો તેમણે વર્ષોથી સેવ્યાં હતાં તે પ્રત્યક્ષ કરવાનું ક્ષેત્ર તેમને અહીં દેખાયું.

'આવી ભૂમિની યુવાન પ્રજાએ તો સૌંદર્યને જીવનસંગાથી કરી લેવું જોઇએ. કળા ગૃહમાત્રની સુપરિચિત સખી બની રહે ને કળાકારો એકમેકના હાથ મિલાવી જગતમાં બંધુત્વનો સંદેશ સુસ્પષ્ટ રૂપમાં પ્રચારે.'

'કળા માનવમાત્રમાં એકતા કરનાર હો. કળા એક અખંડ તત્ત્વ છે. અનેક કળાઓ અંતે એકની એક જ છે. જીવનની એકવાક્યતાનો ઉચ્ચાર કળા છે. કળા જનસમસ્તની છે. સાચી કળા સૌને ગમશે. ગંગાનાં પવિત્ર ઝરણાં સર્વ માટે વહેતાં રહેવાં જોઇએ. કળાનો પ્રકાશ જ અસંખ્ય હૃદયોમાં નવી પ્રેમોર્મિઓ ઉછાળશે. અરે! કેટલાં યુવાન હૃદયો ખરેખર સૌંદર્યમય "કંઇક"ની શોધ કરી રહ્યાં છે! તેમને તે આપો. કળા જનસમાજની છે અને તેની સમીપ તેને પહોંચાડો. મ્યૂઝિયમો, નાટ્યગૃહો, યુનિવર્સિટીઓ, રેલવે સ્ટેશનો ને ઇસ્પિતાલો જ માત્ર નહિ પણ કારાગારો પણ સુશોભિત અને સુંદર બનાવો; એટલે ક્યાં ય કારાગારનું અસ્તિત્વ જ રહેશે નહિ'

આવા ને આવા મંત્રજાપ અને તેનાં પ્રબળ આંદોલનોએ 'Master Institute of United Arts' (કળા સમસ્તના ગુરુભવન)નો ખ્યાલ મૂર્તિમંત કર્યો. કેટલાયને જે મૃગજળ સમાન દેખાતું તે ભવન

સત્ય સ્વરૂપે ઇ. ૧૯૨૧ના નવેમ્બર માસમાં ઊઘડ્યું. ત્યાં અમેરિકાનો યુવકગણ આજે સૌંદર્યના વિવિધ પ્રકારો દાખવતી કળાનું શિક્ષણ અને દીક્ષા મેળવી શકે છે.

પણ જે મહા માનવસંખ્યા આ સંસ્થાનના સંસ્પર્શથી વંચિત રહેતી હતી તેને ય રોરીક ભૂલી શક્યા નહોતા. અનેકના હૃદયમાં આશ્વાસન અને આનંદ પેદા કરનાર અતિથિ પેઠે કલાને અમેરિકા વધાવી લે તે દિવસને તે નજીક નિરખી રહ્યા હતા; અને એક જ વર્ષ બાદ તેમણે આંતરરાષ્ટ્રીય કલાસંસ્થાન સમું, કૉરૉના મંડી (Corona Mundi) સ્થાપ્યું. આ સંસ્થાદ્વારા તેમની કલાપ્રવૃત્તિ ઘણી વ્યાપક અને સમૃદ્ધ બની. જ્યાં સૌંદર્યનું સ્વપ્નું ય નહોતું એવી શાળાઓ, નેસડા, કારખાનાં અને કેદખાનાં સુધી તે પ્રવૃત્તિ વ્યાપી ગઇ. રંકના ઘરમાં તો કળા ખાસ પાંગરી રહેવી જોઇએ કે જેથી નગરની ગલીકૂંચીઓમાં જીવનનો અવનવો પ્રકાર વિલસી રહે. આવા ઉદ્દેશથી એમણે કલાનાસ્તિકોના ખોળામાં કળાનો પ્રસાદ પહોંચાડવા માંડ્યો.

સૌંદર્યના સૈનિકો—કલાકારો માટે તેમણે 'કૉર આર્ડેન્સ' (Core Ardens) નામની સંસ્થા સ્થાપી. એ સંસ્થા જગતના સર્જકો અને કલાકારોની વચ્ચે એકતા બાંધનાર આંતરરાષ્ટ્રીય મંડળ સમી બની રહી.

હજુ પણ વધારે કળા અને સંસ્કૃતિના ઉપાસકો તથા પ્રેમીઓને પરસ્પરના પરિચયમાં જોડવાને, નવી નવી સર્જનસામગ્રીના સમાચારો મેળવવાને તેમ જ મનુષ્યના આધ્યાત્મિક સંબંધમાં નવી વિચારણા રજૂ કરવાને Atlas (આટલાસ) નામની પ્રકાશનસંસ્થા તેમણે ઊભી કરી છે. બહુપક્ષી સમૃદ્ધિભરી આ સંસ્થા રોરીકે અમેરિકાને આપી ત્યારથી સૌંદર્યની અભિવૃદ્ધિ માટે અમેરિકાનો અધિકાર વધ્યો છે.

આવી સંસ્થાઓ થયા પછી રોરીકના અનુયાયીઓનું મહાન સૈન્ય તેના મંત્રો સાંભળવા એક થઇ શકે એવું કોઇ કાયમી સ્થળ માગે એ સ્વાભાવિક છે. પણ રોરીક કાંઇ એકલા અમેરિકાના કે કોઇ

પ્રાંતના વતની જીવ નથી. એની અનુકંપા તો બ્રહ્માંડવ્યાપી છે. એટલે થોડા જ વખતમાં તેમની નજર એશિયાની યુગોની પુરાતન સંસ્કૃતિ અને જ્ઞાન તરફ ગઇ અને ૧૯૨૩ના ઉનાળામાં એમણે હિન્દુસ્તાન તરફ પ્રયાણ કર્યું. તે વખતે અમેરિકાના રોરીક મ્યૂઝિયમની યોજના ઘડાઇ ચૂકી હતી. એક વર્ષમાં એ મ્યૂઝિયમ બંધાયું પણ ખરૂં; અને ૧૯૨૪ના માર્ચમાં તેનાં દ્વાર ખુલ્લાં મુકાયાં ત્યારે ત્યાં મહાનુભાવ રોરીકનાં ૪૦૦ ચિત્રો જમા થઇ ચૂક્યાં હતાં.

આ મ્યૂઝિયમના કળામંડળના પ્રકાશ અને ઉષ્માથી હજારો માનવીઓ નવી શક્તિનો પરિચય મેળવી જીવનમાં સર્જનનો હેતુ અને મનુષ્યજીવનનો ઉન્નત દિશાપંથ શોધવા લાગ્યાં છે. ખરેખરી મહાન સર્જક શક્તિનું ઝરણ કદી સૂકાતું નથી, પરંતુ માનવ સમાજમાં કોઇ સચેતન બળનું પૂર ખેંચી લાવે છે. રોરીકની કલાકૃતિના સાન્નિધ્યમાં કોઇ પણ સરળ દ્રષ્ટાના મુખમાંથી હૃદયના ઊંડાણમાંથી સ્ફૂરી આવતાં જ્ઞાનરહસ્યો આપોઆપ નીકળી પડે છે. બાળકોને તે કોઇ ઉદ્યાન સમો આહ્લાદ ઉપજાવે છે અને યુવાનોને સર્જનહારની શક્તિની પિછાન કરાવતા નવા પ્રદેશો નજરે ચડે છે. કઇકે એક મતે ઉચ્ચાર્યું છે કે રોરીકનાં તીર ઊંચા નિશાને ચડયાં છે. એણે વીજળીના ચમકાર ઝીલ્યા છે; વાદળાં જમાવ્યાં ને ઉડાડયાં છે; આકાશની લીલા એણે માણી છે અને પુનઃ સરજી બતાવી છે. પહાડો અને પથ્થરોમાં જગતના દિગ્પાળો એણે નિરખ્યા છે.

રોરીક મ્યૂઝિયમ તરફથી તેમજ ‘રોરીક અમેરિકન સેન્ટ્રલ એશિયાટિક શોધખોળ મંડળી’ તથા બીજી અમેરિકન સંસ્થાઓના સહકારથી રોરીક હિમાલયને કેન્દ્ર રાખી એશિયાનો યાત્રાસંઘ ઉઠાવ્યો. તેનો ઇરાદો એશિયાનો પરિચય મેળવી તેની સમજ યુરોપ આગળ એક મોટી ચિત્રશાળા રજૂ કરી તે દ્વારા પ્રત્યક્ષ કરી આપવાનો હતો. તે સંઘમાં તેના પુત્ર ડૉ. જ્યૉર્જ રોરીક સંઘપતિ હતા, જે ઇતિહાસના અઠંગ જ્ઞાતા છે.

તિબેટની ઘણી ઉપભાષાઓ આજે તે બોલી જાણે છે ને તિબેટની ભાષાનો એક કોશ પણ રચ્યો છે.

ઇ. ૧૯૨૪માં રોરીકે હિંદ તથા બૃહદ્ તિબેટ અને કારાકોરમ પર્વત ઓળંગી મૉંગોલિયા અને અસલ તિબેટ વગેરે એશિયાનાં હૃદયસ્થાન સર કરી લીધાં. એ યાત્રાની આખી યે કથા અદ્‌ભુત છે. તેની ફલપ્રાપ્તિ રૂપે અપૂર્વ કલા અને સંસ્કારસામગ્રી એકઠી થઇ છે એ ખરૂં; પણ તેમાં યે વિઘ્નો અને જોખમો પારાવાર નડયાં હતાં. તેમની આખી યે ટોળીને તુર્કસ્તાનમાં કેદ કરી લેવામાં આવી હતી. જીવનું જોખમ પૂરૂં હતું. તેમનાં હથિયારો જપ્ત થયાં હતાં એટલે બચવાનું કોઇ સાધન નહોતું. અને ૧૫૦૦૦ ફૂટની ઊંચાઇએ અસહ્ય ઠંડી તથા શારીરિક યાતના સહન કરતાં તેમનાં મંડળોમાંનો એક આદમી અને નેવું જેટલા જનાવર તો મરી પણ ગયાં. એમ છતાં રોરીકે ૩૫૦ ચિત્રો સંપૂર્ણ તૈયાર કર્યાં અને એશિયાની સંસ્કૃતિ, ચમત્કૃતિ તથા દંતકથાઓ પ્રકટ કરતી અપૂર્વ ચિત્રમાળા જગતને આપી. સંસ્કૃતિઓનાં મૂળ શોધતો એ અમર પ્રવાસ ‘Altai Himalayas’ નામના ગ્રંથ દ્વારા પ્રસિદ્ધ થયો છે. રોરીકમાં કલાકારની દૃષ્ટિ, તત્ત્વવેત્તાનો આત્મા તેમજ વૈજ્ઞાનિકનો અનુભવ હોવાથી એશિયાની નાડ બીજા કોઇપણ કરતાં તેમણે સારી રીતે પિછાની અને પ્રાચીન સંસ્કૃતિ તથા પ્રાચીન વાણીનાં મૂલ્ય સારવ્યાં. તેમના આ પ્રવાસ વિષે એવું કહેવાય છે કે જો તે ન થયો હોત તો બીજાં ૧૦૦૦ વર્ષ સુધી હિમાલય વિષે આટલું મર્મસ્પર્શી જ્ઞાન અને દર્શન આપનાર બીજા કોઇ પુરુષની રાહ જોવી પડત

રોરીકની કલા પ્રદર્શન કે વૈભવનો તમાશો નથી, પણ કુદરતમાં પ્રતિબિંબિત થતી દિવ્યતાનું નિરૂપણ છે. પ્રજાઓની સૌન્દર્યદૃષ્ટિ ઉઘડે અને ઉન્નત બને એવા હેતુથી એ ચિત્રો તેમણે જગતમાં પચાસ કરતાં વધારે સ્થળે, માત્ર સંરક્ષણની શરતે ધીર્યાં છે. ડૉ. કઝિન્સ કહે છે, કે રોરીકનાં ચિત્રોની ભભક, તેજ અને જોમ એટલાં બધાં છે કે હિંદી કલાકારોના પ્રદર્શન સાથે એ બતાવ્યાં હોય તો બધાં મરી જ જાય. છતાં

રોરીક હવે એક હિંદી કલાકાર જ ગણાવા જોઈએ; એટલું કામ એમણે હિંદના વિષયે હિંદમાં રહીને કર્યું છે, અને હિંદની કીર્તિ વધારી છે—હિંદની પૂજા કરી છે. પણ મારી દલીલ એ છે કે જો હિમાલયમાં ગંગા પ્રગટી છે તો તેને હિંદની ધરતી રસાળ કરવામાં કાં ન વહેવડાવવી?

રોરીકની દૃષ્ટિ નિરંતર સર્વોપરિ જ રહેતી જણાય છે. તેમનું અવલોકન કરનારને કે તેમના પરિચયમાં આવનારને અથવા તેમની કલાકૃતિઓ નિરખતાં કે તેમના આદેશો વાંચતાં તે ફિલસૂફ કે કવિ તરીકે ચિત્રકાર જેટલા જ વિશિષ્ટ લાગે છે,—ખરેખર એક મહર્ષિસ્વરૂપ જ ભાસે છે. તિબેટના મહાન અશ્વઘોષની જેમ તેમની વાણી આ યુગ પ્રતિ તેમજ ભાવિ પ્રતિ મેઘગર્જના કરતી સંભળાય છે, અને તે પોતે હમેશાં વિરાટ પગલે આગળ ને આગળ ચાલતા દેખાય છે. છેલ્લાં દસ વર્ષમાં તેમણે આટલાંટિક છ વાર અને હિંદી મહાસાગર પાંચ વાર ઓળંગ્યા. 'મધ્ય એશિયા સંશોધન મંડળ'ના સાથમાં એશિયાના આંતરભાગમાં લગભગ દસ હજાર માઇલ ખૂંદી કાઢ્યા. તેમાં કાશ્મીર, લાડખ, તાકલામકન, ઝુંગારી, આલતાઇ, સાઇબીરિયા, મંગોલિયા તથા તિબેટ અને છેવટે હિંદુસ્તાન જોઇ નાખ્યાં. એ પ્રવાસમાં ૧૫,૦૦૦થી ૨૨,૫૦૦ ફૂટ ઊંચાઈની લગભગ ૩૦ ખીણો પસાર કરી, અને તેના ફળ રૂપે પુષ્કળ ચમત્કૃતિભરી ચિત્રાવલિઓ ને વૈજ્ઞાનિક શોધખોળો પ્રગટ કરી. તેનાં એ અદ્‌ભુત ચિત્રો ન્યૂ યૉર્કના રોરીક મ્યૂઝિયમમાં જમા થયાં છે. અમેરિકન પત્રકારો એ મ્યૂઝિયમને 'સંસ્કારિતાનું મહાધામ' (Cathedral of Culture) કહે છે. એ કૃતિઓમાં અમાપ માનવશક્તિમત્તા ને સર્જક પ્રભાવનું દર્શન થાય છે.

જગતને આવી સમૃદ્ધિ એક સુવર્ણમંજૂષામાં અર્પતા મહાશય રોરીકનું એક સૂચક ચિત્ર તેમના બીજા પુત્ર સ્વેતોસ્લાવ (Svetoslav) રોરીકે દોરેલું છે. ૩૫ વર્ષનો આ તરુણ તેના સ્વચ્છ, કુમળા અને સુઘટિત વિનય અને જ્ઞાનથી વધેલો તરુણ ક્રાઇસ્ટ જેવો છે. તેનાં ચિત્રો એક પ્રખર કળાકારની ઝાંખી કરાવે છે. રોરીક હાઉસની પરંપરાની અચૂક પ્રતીતિ તે કરાવે છે, છતાં તેના પિતાનું અનુકરણ કરતો નથી. તેણે પણ હિમાલયનાં અને તિબેટનાં ચિત્રો કર્યાં છે. તેની વિશિષ્ટતા તો પોર્ટ્રેટ (છબિચિત્રો) કરવામાં જ છે. તેના પિતાનાં અને પોતાનાં ચિત્રો વિવિધ રીતે કરી જગત પરનાં જુદાંજુદાં મ્યૂઝિયમોમાં મોકલ્યાં છે. રશિયા, ઇંગ્લંડ, ફ્રાન્સ અને અમેરિકાના ઉસ્તાદ કલાકારોને તેણે સેવ્યા છે અને પ્રથમ પંક્તિનું માન પામેલ છે. આપણી મોટીમોટી ચિત્રશાળાઓ અને યુનિવર્સિટીઓ તેને આમંત્રણ આપી આંગણે આવેલી એ ગંગાનો લાભ લઈ શકે તેમ છે. ચિત્રો ઉપરાંત તેનો શોખ વનૌષધિઓ પર બહુ છે. સ્થાપત્ય પણ સારૂં જાણે છે. યુરોપ અમેરિકાની કળાજ્ઞાનની કેટલી યે સંસ્થાના તે સદસ્ય છે. અમેરિકાના રોરીક મ્યૂઝિયમના તે ઉપપ્રમુખ છે.

રશિયા છોડી પ્રો. રોરીકે અમેરિકાને જેમ પોતાનું બનાવ્યું તેમ તેટલા જ પ્રેમથી આજે તેમણે હિમાલયમાં સીમલાથી સોએક માઇલ દૂર કુલુ પર્વતો વચ્ચે 'નગ્ગર'માં* નિવાસ સ્થાપ્યો છે અને તેને નામ 'ઉરૂસ્વતી હિમાલયન રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટ' આપ્યું છે.

---

* નગ્ગર જવાનો ખરો રસ્તો આ છે: અમૃતસરથી N.W. રેલવેની એક શાખા પઠાનકોટ જાય છે. પઠાનકોટથી લાઈટ રેલવે મંડીની રાજધાની જોગેન્દ્રનગર સુધી પહોંચે છે. ત્યાંથી કુલુ ખીણ સુધી મોટર બસ સર્વિસ છે છેવટના ત્રણ માઈલ પગથી અથવા ઘોડેસવારીથી જવું પડે છે. કુલુ બ્રિટિશ હિંદનો ભાગ છે, પણ ખરી રીતે હિમાલયનું એક દ્વાર છે અને ત્યાંથી તિબેટ તથા મધ્ય એશિયામાં જવાનો માર્ગ અતિ સુંદર, રમણીય અને ફળદ્રુપ છે. નગ્ગર સુધી જવાનો રસ્તો વ્યાસ નદીને કિનારે હોવાથી પ્રવાસ મધુર બને છે.

આ મથકમાં પ્રાચીનશાસ્ત્રો, તત્ત્વજ્ઞાન, વનસ્પતિ અને જીવસૃષ્ટિની શોધખોળો તેમજ નિગૂઢ અભ્યાસ ચાલુ રાખે તેવા સંચાલકોનું મંડળ રહે છે. તેનાં આદ્ય સ્થાપકો તરીકે શ્રીમાન નિકોલસ રોરીક અને તેમનાં પત્ની હેલન રોરીકનું નામ અમર રહેશે. આ આશ્રમને માટે જોઇતી જમીન તથા મકાનો તેમણે સંસ્થાને અર્પણ કરી દીધાં છે' ત્યાંની હવામાં જ આયુર્વેદમાં વર્ણવેલી ૪૦૦૦ વનસ્પતિઓના ગુણદોષની આધુનિક રીતે પૃથક્કરણોની નોંધ થઇ ચૂકી છે. તિબેટની ભાષા શીખવાનું વ્યાકરણ તથા કોશ વગેરે પણ ત્યાંથી પ્રકટ થયાં છે. ઉપરાંત તિબેટી મઠોમાં સંઘરાએલા અપૂર્વ જ્ઞાનગ્રંથોનું સંશોધન ચાલે છે અને તેમાં અનુભવી લામા ગુરુઓ પણ શામેલ છે. વળી ત્યાંથી 'ઉરૂસ્વતી જર્નલ' નામનું પત્ર બહાર પડે છે.

છેલ્લાં દસ વર્ષમાં નિકોલસ રોરીકનાં ચિત્રો અને આદેશો મારફત પ્રકટ થતી માનવ સંગઠન અને સંસ્કૃતિની ભાવનાઓ પ્રચારનારાં બાવન રોરીક મંડળો અસ્તિત્વમાં આવ્યાં છે. તે પોતે તો જગત આખાને પોતાનું ગૃહ માને છે. પ્રત્યેક દેશનું સર્વોત્તમ રહસ્ય તે પકડે છે. તેમાં રાચે છે, તે પ્રબોધે છે અને જગતના વિકાસ માટે પ્રયાસો કરી સહાય તથા સહકાર આપે છે.

